   a) Members holding shares as on the cut-off date i.e., 18th September, 2026 may cast their vote electronically on business as set out in AGM Notice through such remote e-voting.
   b) Any person, who acquires shares and become a member of the Company after sending the Notice and holding shares as on the cutoff date i.e., 18th September, 2026, may obtain the login ID and password by sending an email to cs@touchwood.in by mentioning his/her folio number/DP ID and client ID number. However, if you are already registered with National Securities Depository Limited (NSDL) for e-voting, then you can use your existing User ID and password for casting your vote.
   c) The remote e-voting period begins on 09:00 A.M. (IST), on Tuesday, 22nd September, 2026 and will end at 05:00 P.M. (IST) on Thursday, 24th September, 2026. The remote e-voting shall not be allowed beyond the said date and time and the remote e-voting module shall be disabled by NSDL for voting thereafter.
   d) Any person whose name is recorded in the register of members or in the register of beneficial owner maintained by the depository as on cut-off date, shall be entitled to avail the facility of remote e-voting or through e-voting during the AGM.
   e) The members who have already cast their vote by remote e-voting, prior to the AGM will be eligible to attend/ participate in the AGM through the NSDL e-Voting system, but shall not be entitled to cast their vote again in the meeting.
   f) Members may note that the Notice of Annual General Meeting and the Annual Report for FY 2025-2026 are also available on the Company's website www.touchwood.in as well as on the website of National Stock Exchange of India Limited at www.nseindia.com also on the website of NSDL at www.evoting.nsdl.com.
   g) In case of any queries, you may refer to the Frequently Asked Questions (FAQs) for members and e-voting user manual for members available at the Downloads sections of https://www.evoting.nsdl.com or contact NSDL at the following toll-free no.: 1800-222-990.
   h) The results on resolutions shall be declared not later than 2 working days from the conclusion of the AGM. The results declared along with the Scrutinizer's Report will be made available on the website of the Company at www.touchwood.in and on the website of NSDL at www.evoting.nsdl.com and the same shall be simultaneously communicated to National Stock Exchange of India Limited.
3. **BOOK CLOSURE:** Pursuant to Section 91 and other applicable provisions of the Act and Regulation 42 of SEBI Listing Regulations, the Register of Members and Share Transfer Books of the Company shall remain closed from Saturday, 19th September, 2026 to Friday, 25th September, 2026 (both days inclusive) for the purpose of 29th Annual General Meeting of the Company.

**Members are requested to carefully read all the Notes set out in the Notice of the AGM and in particular, instructions for joining the AGM, manner of casting vote through Remote e-voting or through e-voting during the AGM.**

**For and on Behalf of Board of Directors**
**Touchwood Entertainment Limited**
**Sd/-**
**Rishabh Mishra**
**Company Secretary & Compliance Officer**

**Place : New Delhi**
**Date : 12th August, 2026**

---

MAKS GENERATORS

## MAKS ENERGY SOLUTIONS INDIA LIMITED

**CIN: L31102PN2010PLC136962**

**Regd. Office: Showroom-1, Shubham Soc, 599/600 Rasta Peth, Near Parsi Agyari, Pune – 411011**
**Email: cs@maksgenerators.com; Phone No: +91-20-26119500,**
**Site: www.maksgenerators.com**

**NOTICE**

Notice is hereby given that the 16th Annual General Meeting ("AGM") of the members of the Company to be held on Wednesday, September 23, 2026 at 11.00 A.M. (IST) through physical means at Hall No.5, 505 A & B Wing, 5th floor, MCCIA Trade Tower, Senapati Bapat Road, Pune- 411016, to transact the business as set out in the Notice. The said Notice along with Annual report Financial Year (FY) 2025-26 has been sent on 29.08.2026 to the members holding shares as on 28.08.2026 through email at their registered email-ID

The AGM Notice and Annual Report of the Company for the FY 2025-26 is available on the Company's website at www.maksgenerators.com and on the website of NSE Ltd at www.nseindia.com.

Further, Notice is hereby given pursuant to Section 91 of the Companies Act, 2013("Act"), the Register of Members and Share Transfer Book of the Company will remain closed from 17.09.2026 to 23.09.2026 (both days inclusive).

Pursuant to Section 108 of the Act and rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, as amended, and regulation 44 of the SEBI Listing Regulations and SEBI circular dated 11 July 2023, the members are hereby further notified that:

1) The Company is providing e-voting facility to its members to cast their vote by electronic means on the resolutions set out in the Notice of AGM and NSDL has been appointed as e-voting service provider for 16th AGM.
2) The e-voting period will commence 20.09.2026 at 9:00 AM (IST) and ends on 22.09.2026 at 5:00 PM (IST) Thereafter, the e-voting module will be disabled.
3) User ID and password for remote e-voting is sent in the email. The voting rights of Members shall be in proportion to their share of paid-up capital of the Company as on the cut-off date i.e. 16.09.2026. Once a vote is cast by the member, he/she shall not be allowed to change it subsequently.
4) The Company is also offering the facility for e-voting during the AGM for the members attending the meeting, who have not cast their votes by remote e-voting. However, Members who have already cast their votes by remote e-voting prior to the AGM, may attend the AGM but shall not be entitled to vote.
5) A member can only opt for one mode of voting i.e. either through remote e-voting or voting during the AGM. If any member casts vote by more than one mode, then voting done through remote e-voting shall prevail.
6) Any person, who acquires shares of the Company and becomes a shareholder after the dispatch of the Annual report and holding shares as on cut-off date i.e. 16.09.2026 may obtain login ID & password for e-voting by sending a request at evoting@nsdl.com

For any queries, please refer to the FAQs for Shareholders and the e-voting user manual available at www.evoting.nsdl.com. You can also contact us at 022-4886 7000 or email Mr. Abhijeet Gunjal, Manager at evoting@nsdl.com and request to Mr. Abhijeet Gunjal, Manager, NSDL, 4th Floor, 'A' Wing, Trade World, Kamala Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai 400013

**For Maks Energy Solutions India Limited**
**Sd/-**
**Vishal Nadhe**
**Company Secretary & Compliance Officer**

**Place: Pune**
**Date: 28-08-2026**

---

## Integrity Infrabuild Developers Limited

**CIN: L42101GJ2024PLC152080**
**Regd. Office:** Office No-02 Indiabulls Mega Mall, Jetalpur Road, Akota, Vadodara, Gujarat - 390020.
E-mail: info@integrityinfrabuild.com Website: www.integrityinfrabuild.com

Notice is hereby given that the 2nd Annual General Meeting ("AGM") of Integrity Infrabuild Developers Limited ("The Company) will be held on Thursday, September 24, 2026 at 11.30 am at Office No-02 Indiabulls Mega Mall, Jetalpur Road, Akota, Vadodara, Gujarat - 390 020, to transact the business as set out in the Notice convening 2nd AGM.

In compliance with the circulars issued by Ministry of Corporate Affairs and Securities and Exchange Board of India, Notice of 2nd AGM along with Annual Report for the financial year 2025-26 has been sent to all members whose e-mail ids are registered with the Company / Depository Participant(s). Members may note that the same is available on the website of the Company at www.integrityinfrabuild.com, website of stock exchange i.e. NSE Limited at www.nseindia.com and website of National Securities Depository Limited at https://www.evoting.nsdl.com/. Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses. Members holding shares in dematerialized form are requested to register their e-mail addresses with their respective Depository Participants and Members holding shares in physical form are requested to update their e-mail addresses with our RTA, MUFG Intime India Private Limited (formerly known as Link Intime India Private Limited) at mt.helpdesk@in.mpms.mufg.com.

**E-voting:** Pursuant to section 108 of the Act and read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended from time to time, the members are provided with the facility to cast their votes on all resolutions set forth in the Notice of AGM using electronic voting system provided by National Securities Depository Limited ["NSDL"]. Detailed procedure for remote e-voting is provided in the Notice of the AGM.

The remote e-voting period commences on Sunday, September 20, 2026 at 09:00 a.m. (IST) and ends on Wednesday, September 23, 2026 at 05:00 p.m. (IST). The voting rights of Members shall be in proportion to their shares of the paid-up equity shares capital of the Company as on Thursday, September 17, 2026 (cut-off date).

The facility for voting through polling papers shall be made available during AGM and those members who have not casted their vote on the resolutions through remote e-voting shall be eligible to vote through polling papers at the AGM. The members who have casted their vote by remote e-voting prior to the AGM may also attend the AGM but shall not be entitled to cast their votes again.

Any person, who acquires shares of the Company and becomes member of the Company after dispatch of the Notice of AGM and holding shares as on cut-off date i.e. Thursday, September 17, 2026 may obtain their login details by sending a request on evoting@nsdl.com. A person, whose name appears in the Register of Members / Beneficial owners as on cut-off date only shall be entitled to avail the facility of remote e-voting as well as voting at the AGM. In case, you have any queries or issues regarding e-voting, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual available at www.evoting.nsdl.com under help section or write an email to evoting@nsdl.com

**For Integrity Infrabuild Developers Limited**
**Sd/-**
**Keyurkumar Sheth**
**Managing Director**
**(DIN: 02678042)**

**Place: Vadodara**
**Date: August 29, 2026**

## SP-ASP અને 4 PI સહિત પોલીસની ૨૦ ટીમો લૂંટારુંઓની શોધમાં

**સુરત,તા.૨૯**
સુરતના માંડવી તાલુકાના ગોદાવાડી ગામે નિધિ પટેલ લૂંટ વિથ મર્ડર કેસમાં SITની રચના કરવામાં આવી છે. કેસની ગંભીરતાને પગલે માંડવી પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા જીં અને કોળી સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. ઘટનાના પાંચ દિવસ થયા છે ત્યારે કેસમાં જીંની રચના કરાઈ છે. જિલ્લા જીં રાજેશ ગઢિયાએ એક છજીં, ચાર ઁ અને એક જીં નો જીં માં સમાવેશ કરાયો છે. આ દરમિયાન પોલીસની ૨૦ અલગ-અલગ ટીમ દ્વારા સઘન તપાસ ચાલી રહી છે.

માંડવીના ગોદાવાડી ગામના ટેકરી ફળિયા વિસ્તારમાં ૨૫ વર્ષીય નિધિ પટેલ જ્યારે ઘરે એકલી હતી, ત્યારે કેટલાક શખ્સો લૂંટના ઈરાદે ઘરમાં પ્રવેશ્યા હતા. જેમાં મોડી રાત્રે અજાણ્યા શખસોએ નિધિને ગળેટૂંપો આપી હત્યા કરી હતી અને ઘરમાં લૂંટ ચલાવીને મૃતદેહને ઘરના ધાબા ઉપર સંતાડી ફરાર થઈ ગયા હતા.

આરોપીઓ પીડિતાના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડા અને મૃતકનો મોબાઈલ ફોન મળીને આશરે અઢી લાખની કિંમતનો મુદ્દામાલ લૂંટીને જતાં રહ્યા હતા. સમગ્ર મામલે જાણ થતાં પરિવારની ફરિયાદના આધારે માંડવી પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

નોંધનીય છે કે, મૃતક નિધિના માતા-પિતા જાત્રાએ ગયા હતા ત્યારે આરોપીએ આ ઘટનાને અંજામ આપ્યું હતું.

સમગ્ર મામલે યુવતીના ગુમ મોબાઈલના રિકવર ડેટા અને પેનલ રિપોર્ટ આવ્યા બાદ વધુ ખુલાસો થવાની શક્યતા છે. તેવામાં નિધિ પટેલ લૂંટ વિથ મર્ડર કેસમાં જીં રચના બાદ પોલીસે સઘન તપાસ હાથ ધરી છે.

## દેવભૂમિ દ્વારકામાં ધ્વજાજી ચડાવવાના નામે રૂ. ૧.૦૨ લાખની છેતરપિંડી

**દેવભૂમિ દ્વારકા,તા.૨૯**
દ્વારકાધીશ મંદિરના શિખરે ધ્વજાજી રોહણ કરાવવાના બહાને જ્ઞાતિ સંસ્થાની બનાવટી પહોંચ બનાવી એક મહિલા પાસેથી ૧.૦૨ લાખ રૂપિયા મેળવી છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે દ્વારકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આરોપી શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બરડીયા ગામના ધવલ દેવપુરાઈએ દ્વારકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, દ્વારકાના ટી.વી. સ્ટેશન વિસ્તારમાં રહેતા શિવમ ઠાકર નામના શખ્સે એક મહિલાને દ્વારકાધીશ મંદિરના શિખરે ધ્વજાજી ચડાવી આપવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ, આરોપીએ 'સમસ્ત ગુગળી બ્રાહ્મણ ૫૦૫ જ્ઞાતિ, દ્વારકા' સંસ્થાના નામની બોગસ પહોંચ બનાવી, તેમાં ખોટી સહીઓ કરી સાચી પહોંચ તરીકે ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ છે.

આરોપીએ ધ્વજાજીની બે બનાવટી પહોંચ પેટે ૫૧,૦૦૦ રૂપિયા લેખે કુલ રૂ. ૧,૦૨,૦૦૦ રૂપિયા મેળવીને આર્થિક લાભ મેળવ્યો હતો. આ રીતે આરોપીએ અરજદાર તથા જ્ઞાતિ સંસ્થાની પ્રતિષ્ઠા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે.આ અંગે દ્વારકા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)-૨૦૨૩ની કલમ ૩૧૮(૨), ૩૧૮, ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૬(૪), ૩૩૮ અને ૩૪૦ હેઠળ ગુનો દાખલ કર્યો છે. ઘટના અંગે ગુનો નોંધાયાના કલાકોમાં જ પોલીસે આરોપી શિવમ ઠાકરની અટકાયત કરી લીધી હતી. આ મામલે પોલીસ સબ ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### પીલાજીગંજ અને તોરણવાળી ચોકના શોપિંગ સેન્ટરો સામે અરજી

# ગેરકાયદે બાંધકામો-પાર્કિંગ મુદ્દે મ્યુનિસિપલ કમિશનરને ૩૦ દિવસનું અલ્ટીમેટમ

### આ કાયદાકીય જોગવાઈઓનો સરેઆમ ભંગ કરીને મસમોટા કોમર્શિયલ બાંધકામો ઊભા કરી દેવામાં આવ્યા છે

**મહેસાણા,તા.૨૯**
મહેસાણા શહેરમાં ગેરકાયદે બાંધકામો અને પાર્કિંગની સમસ્યાને લઈને સ્થાનિક રહીશોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશને આઈકોનિક રોડ બનાવવાના નામે નાના-મોટા અનેક દબાણો દૂર કર્યા હતા, પરંતુ શહેરના મુખ્ય વેપારી વિસ્તારોમાં આવેલા મોટા શોપિંગ કોમ્પ્લેક્સમાં આખેઆખા પાર્કિંગ ગાયબ થઈ ગયા હોવા છતાં મનપા કમિશનર અને ડેપ્યુટી કમિશનરને આ ગેરકાયદે બાંધકામો કેમ ન દેખાયા? તેવો તીખો સવાલ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવ્યો છે.

મહેસાણા શહેરના અતિ ધિગતા અને મુખ્ય એવા પીલાજીગંજ તથા તોરણવાળી માતાના ચોક વિસ્તારમાં આવેલા વિવિધ શોપિંગ સેન્ટરોમાં કાયદાનો ભંગ કરીને કરવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામો દૂર કરવા માટે મનપા કમિશનરને લેખિત અરજી કરવામાં આવી છે. ખાસ કરીને પરીખ ચેમ્બર્સ, શંકરાભાઈ શેઠ કોમ્પ્લેક્સ, મેઘરથ કોમ્પ્લેક્સ અને આલાપ કોમ્પ્લેક્સ જેવા ચર્ચિત શોપિંગ સેન્ટરોમાં પાર્કિંગ અને શૌચાલયની જગ્યાઓ બંધ કરી દેવામાં આવી છે. આ વિસ્તારોમાં નકશા વિરૂદ્ધ કઢાયેલી વધારાની દુકાનો તોડી પાડી પાર્કિંગ ખુલ્લા કરવાની માંગણી કરાઈ છે.સ્થાનિક નાગરિક વિષ્ણુભાઈ ધનજીભાઈ બારોટે રજૂઆતમાં જણાવ્યું છે કે, અગાઉ વર્ષ ૨૦૨૫ માં જ્યારે મહેસાણા નગરપાલિકા હતી, ત્યારે પણ આ અંગે તંત્રને રજૂઆતો કરવામાં આવી હતી. કલેક્ટરે જે વિસ્તારોને 'સત્તાપ્રકાર-બી' જાહેર કરેલા છે, ત્યાં નિયમ મુજબ કોમર્શિયલ બાંધકામ થઈ શકે નહીં. આમ છતાં, આ કાયદાકીય જોગવાઈઓનો સરેઆમ ભંગ કરીને મસમોટા કોમર્શિયલ બાંધકામો ઊભા કરી દેવામાં આવ્યા છે, જેને ત્વરિત અસરથી દૂર કરવા માંગ કરાઈ છે. અરજદાર વિષ્ણુભાઈ બારોટે મ્યુનિસિપલ કમિશનરને સ્પષ્ટ શબ્દોમાં ૩૦ દિવસનું આખરી અલ્ટીમેટમ આપ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, જો આગામી ૩૦ દિવસની અંદર આ તમામ ગેરકાયદે બાંધકામો અને દબાણો પર યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આ મુદ્દાને ઉચ્ચ ઓથોરિટી સુધી લઈ જવામાં આવશે અને કાયદાકીય તેમજ પૌરાણિક પ્રક્રિયા હેઠળ સખત પગલાં ભરવામાં આવશે.

### સુરત કાપડ માર્કેટમાં કરોડોનો ચૂનો

## ટેક્સટાઈલ વેપારના બહાને ૧.૨૮ કરોડનું જોબવર્ક કરાવી ત્રિપુટી ફરાર

### વેપારીઓએ પોતાના બાકી પેમેન્ટની માંગણી કરી ત્યારે આ ત્રિપુટી વાયદાઓ કરવા લાગી હતી

**સુરત,તા.૨૯**
સુરત શહેરના સરથાણા વિસ્તારમાં કાપડ વેપારીઓ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. ઠગાઈ આચરનાર ત્રિપુટીએ આયોજિત કાવતરાના ભાગરૂપે પહેલા કાપડ માર્કેટમાં પોતાની સારી શાખ ઊભી કરી હતી.


શરૂઆતમાં તેમણે વેપારીઓ પાસેથી નાનો-મોટો માલ ખરીદી તેમજ જોબવર્ક કરાવીને તેનું ચુકવણું નિર્ધારિત સમયે અને રોકડમાં કરી દીધું હતું.

આ સમયસરના પેમેન્ટના આધારે તેમણે કાપડના વેપારીઓનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો, જેથી વેપારીઓને તેમની દાનત પર કોઈ શંકા રહી નહોતી.એકવાર માર્કેટમાં પકડ મજબૂત થઈ ગયા બાદ આ ત્રિપુટીએ પોતાનો અસલી ખેલ શરૂ કર્યો હતો. તેમણે એક-બે નહીં પરંતુ સરથાણા વિસ્તારના ૯ જેટલા કાપડ વેપારીઓ પાસેથી મોટા પ્રમાણમાં કાપડનું પ્રોસેસિંગ અને જોબવર્ક કરાવ્યું હતું.કુલ રૂ. ૧.૨૮ કરોડ જેટલું મંગી જોબવર્ક થઈ ગયા બાદ જ્યારે વેપારીઓએ પોતાના બાકી પેમેન્ટની માંગણી કરી ત્યારે આ ત્રિપુટી વાયદાઓ કરવા લાગી હતી. અંતે પોતાની દુકાન/ઓફિસ બંધ કરીને ત્રણેય જણા રાતોરાત ફરાર થઈ ગયા હતા. છેતરપિંડીનો ભોગ બનેલા તમામ ૯ વેપારીઓએ એકઠા થઈ સરથાણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને આ ઠગ ત્રિપુટી સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. સરથાણા પોલીસે ૯ વેપારીઓની સંયુક્ત રજૂઆત અને લેખિત ફરિયાદના આધારે ઠગાઈ તથા વિશ્વાસઘાતનો ગુનો નોંધ્યો છે.પોલીસે આરોપી ત્રિપુટીના વેપારી સ્થળો, રહેણાંક સરનામા તથા સીસીટીવી (CCTV) અને બેંક એકાઉન્ટના આધારે તેમની શોધખોળ હાથ ધરી છે.

## રાજકોટમાં રોડના કામમાં પારદર્શિતાનો મોટો નિર્ણય

**રાજકોટ,તા.૨૯**
રાજકોટ શહેરમાં રોડ-રસ્તા સહિતના વિકાસકામોમાં પારદર્શિતા વધારવા માટે રાજકોટ મહાનગરપાલિકાએ મહત્વપૂર્ણ પહેલ હાથ ધરી છે. મેયર ડૉ. નેહલ શુક્લે નિર્ણય કર્યો છે કે, હવે મોટા વિકાસકામોના સ્થળે કોન્ટ્રાક્ટરે કામની સંપૂર્ણ વિગતો દર્શાવતી માહિતી તકતી ફરજિયાતપણે લગાવવી પડશે. આ તકતીમાં કામનો ખર્ચ, સમયમર્યાદા, વોરંટી અને ફરિયાદ માટેની સંપર્ક વિગતો જાહેર કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી શહેરીજનો સરળતાથી જાણી શકશે કે તેમના વિસ્તારમાં કયું કામ કોણ કરી રહ્યું છે, કેટલા ખર્ચે થઈ રહ્યું છે અને તેની જવાબદારી કોની છે.

મેયર દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ, કામના સ્થળે લગાવવામાં આવતી તકતી પર કોન્ટ્રાક્ટર અથવા કંપનીનું નામ અને જવાબદાર વ્યક્તિનો મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે. આ ઉપરાંત તકતીમાં નીચેની વિગતો પણ ફરજિયાત રહેશે: રોડ કે અન્ય બાંધકામલક્ષી કામ પૂર્ણ થયા બાદ તેમાં કોઈ ખામી સર્જાય તો શહેરીજનોને જવાબદાર વ્યક્તિ સુધી પહોંચવામાં સરળતા રહેશે. કામમાં વિલંબ, નબળી ગુણવત્તા અથવા વોરંટી સમયગાળા દરમિયાન ઊભી થતી સમસ્યા અંગે નાગરિકો તકતી પર આપવામાં આવેલી વિગતોના આધારે સીધી ફરિયાદ કરી શકશે. ડિફેક્ટ લાયબિલિટી પીરિયડ દરમિયાન માહિતી તકતીની જાળવણીની જવાબદારી પણ સંબંધિત કોન્ટ્રાક્ટરની રહેશે.

માત્ર સ્થળ પર માહિતી મૂકવાથી નહીં, પરંતુ પારદર્શિતા વધારવા માટે તકતી લગાવ્યા બાદ તેનો ફોટો મહાનગરપાલિકાની વેબસાઈટ પર અપલોડ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. મેયરે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં યોજાનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ અંગે કાયદેસર ઠરાવ પસાર કરવામાં આવશે.

ત્યારબાદ મનપા દ્વારા કોન્ટ્રાક્ટરો મારફતે કરાવવામાં આવતા મોટા કામોમાં આ નિયમ અમલમાં મૂકવામાં આવશે.

આ નવી વ્યવસ્થાનો મુખ્ય હેતુ વિકાસકામોમાં જાહેર જવાબદારી અને પારદર્શિતા વધારવાનો છે. નાગરિકો સ્પષ્ટ રીતે જાણી શકશે કે તેમના વિસ્તારમાં કામ કોના દ્વારા, કેટલા ખર્ચે અને કેટલી સમયમર્યાદામાં કરવામાં આવી રહ્યું છે. સાથે જ કામની વોરંટી અને ફરિયાદ માટે જવાબદાર વ્યક્તિની માહિતી પણ સરળતાથી ઉપલબ્ધ થશે.

## સિદ્ધપુર હાઈવે પર હોટલમાં કાર ઘૂસી જતાં એક વ્યક્તિનું કમકમાટીભર્યું મોત

### અકસ્માતના સીસીટીવી સામે આવ્યા બાદ સિદ્ધપુર પોલીસે તપાસ શરૂ કરી છે

**અમદાવાદ,તા.૨૯**
સિદ્ધપુર હાઈવે પર અકસ્માતની એક અત્યંત ચોંકાવનારી અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. હાઈવે પર આવેલી એક હોટલના પરિસરમાં અચાનક જ કાળ બનેલી કાર ઘૂસી જતાં અફરાતફરી મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, એક કાર પહેલાં હોટલની આગળથી સામાન્ય રીતે પસાર થઈ ગઈ હતી. પરંતુ તેના ચાલકે અચાનક જ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અથવા કોઈ અગમ્ય કારણોસર કારને ગેરકાયદે અને અત્યંત પૂરઝડપે રિવર્સમાં દોડાવી હતી. હોટલ તરફ રિવર્સમાં આવેલી કાર સીધી જ હોટલના કાઉન્ટર/પાર્લર વિસ્તારમાં ઘૂસી ગઈ હતી. હોટલના પાર્લર પર જે સમયે આ અકસ્માત સર્જાયો ત્યારે ત્યાં એક વ્યક્તિ હાજર હતો.

પૂરઝડપે રિવર્સમાં આવેલી કારે આ વ્યક્તિને જોરદાર ટક્કર મારીને પોતાની નીચે કચડી નાખ્યો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે ગંભીર ઈજાઓ થવાના કારણે આ વ્યક્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

અકસ્માત થતાં જ હોટલમાં હાજર લોકો અને આસપાસના સ્થાનિકો દોડી આવ્યા હતા. આ સમગ્ર વિચિત્ર અને ભયાનક અકસ્માત હોટલના સીસીટીવી કેમેરામાં આબેહૂબ કેદ થઈ ગયો છે, જેમાં કાર અચાનક રિવર્સ આવીને હોટલમાં ઘૂસતી સ્પષ્ટ જોઈ શકાય છે. બનાવની જાણ થતાં જ સિદ્ધપુર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કરીને અકસ્માત સર્જનાર કાર અને તેના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કંપનીમાં સાથે કામ કરતા-દોઢ મહિના પહેલાં થયો હતો પ્રેમ

## વાઘોડિયાના ગુતાલમાં પ્રેમપ્રકરણમાં મહિલાની દારૂણ હત્યા કરાઇ

### પોલીસ તપાસમાં પોતાની ઓળખ ન છતી થાય અને પોલીસ ગેરમાર્ગે દોરાય તે માટે તેણે બાઇક અને મોબાઇલ પણ ચોરી કર્યા હોવાનું સામે આવ્યું છે

**વડોદરા,તા.૨૯**
વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ગુતાલ ગામેથી ગત ૨૬ ઓગસ્ટના રોજ એક ખેતરની અવાવરું ઓરડીમાંથી મહિલાનો અર્ધસળગેલો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને વડોદરા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતદેહની તપાસ કરતા મૃતક મહિલાની ઓળખ સાવલીના લક્ષ્મી રોહિત તરીકે થઈ હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક લક્ષ્મી રોહિત અને સાવલીનો આરોપી વિષ્ણુ મકવાણા મંજુસર સ્થિત એક કંપનીમાં સાથે નોકરી કરતા હતા. સાથે કામ કરતી વખતે જ બંને વચ્ચે પરિચય થયો હતો અને છેલ્લાં દોઢ મહિનાથી તેમની વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. ગત ૨૫ ઓગસ્ટના રોજ લક્ષ્મી પોતાના પ્રેમી વિષ્ણુની બાઇક પર બેસીને ગુતાલ ગામે આવી પહોંચી હતી.

ગુતાલ ગામ પાસે આવેલા એક અવાવરું સ્થળે કોઈ બાબતે વિષ્ણુ અને લક્ષ્મી વચ્ચે તીવ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. આવેશમાં આવેલા વિષ્ણુ મકવાણાએ ધારિયા જેવા તીક્ષ્ણ શસ્ત્ર વડે લક્ષ્મી પર તાબડતોબ ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ આરોપીએ મૃતદેહને સંતાડવા માટે ખેતરની ઓરડીમાં મૂકી ઉપર ઘાસ પાથરી દીધું હતું.

પાપ છુપાવવા અને પકડાઈ જવાના ડરથી આરોપી વિષ્ણુએ મૃતદેહ પર જ્વલનશીલ પદાર્થ છાંટી તેને સળગાવી દેવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

આટલું જ નહીં, પોલીસ તપાસમાં પોતાની ઓળખ ન છતી થાય અને પોલીસ ગેરમાર્ગે દોરાય તે માટે તેણે બાઇક અને મોબાઇલ પણ ચોરી કર્યા હોવાનું સામે આવ્યું છે.

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી સાવલીના રીઢા આરોપી વિષ્ણુ મકવાણાની અટકાયત કરી કડક પૂછપરછ કરતાં તેણે જ હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ઝડપાયેલો આરોપી વિષ્ણુ મકવાણા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તેની સામે અગાઉ અલગ-અલગ પોલીસ મથકોમાં ૧૨ જેટલા ગુના નોંધાયેલા છે. પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદાકીય કાર્યવાહી તેજ કરી છે.

## કોબા-એરપોર્ટ રોડ પર નર્મદા કેનાલ પર આકાર લેશે ૧૨ લેનનો વિશાળ બ્રિજ

**ગાંધીનગર,તા.૨૯**
ગાંધીનગરના સૌથી વ્યસ્ત અને મહત્વના ગણાતા કોબા-એરપોર્ટ રોડ નજીકથી પસાર થતી નર્મદા મુખ્ય નહેર પર વાહનવ્યવહારની સુગમતા માટે ૧૨ લેન ધરાવતો નવો અને વિશાળ બ્રિજ બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. આ વિશાળ બ્રિજના નિર્માણકાર્યમાં કેનાલની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને અદ્યતન સિવિલ એન્જિનિયરિંગ ટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે.

આ યોજના અંતર્ગત કેનાલની મધ્યમાં કામગીરી કરી શકાય તે માટે ૯૦ ટન જેટલી ભારે લોડ ક્ષમતા ધરાવતું અત્યાધુનિક પોન્ટૂન (ફ્લોટિંગ વર્કિંગ પ્લેટફોર્મ) તૈયાર કરવામાં આવ્યું છે.

આ ભારે સ્ટ્રક્ચરને નહેરમાં સુરક્ષિત રીતે ઉતારવા માટે બે ૪૦૦ ટનની ક્ષમતા ધરાવતી વિશાળ ક્રેનનો ઉપયોગ કરીને સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે કેનાલ પર બ્રિજનું કામ કરવાનું હોય ત્યારે પાણીનો પ્રવાહ રોકવો પડતો હોય છે, જેથી પીવાના અને સિંચાઈના પાણીની મોટાપાયે અછત સર્જાય છે. પરંતુ આ પોન્ટૂન ટેકનોલોજીના કારણે નર્મદા કેનાલમાંથી વહેતો પાણીનો પુરવઠો યથાવત્ રહેશે અને સાથે સાથે બ્રિજના પિલર અને બાંધકામની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરી શકાશે.

## પ્રાંતિજના કરોલ ગંડેરી પાસે સર્જાયો ગમખ્વાર અકસ્માત

### પૂરઝડપે આવેલી કારે રોડ સાઈડેથી પસાર થઈ રહેલા ભાઈ-બહેન અને એક વર્ષના બાળકને અડફેટે લીધા હતા

**સાબરકાંઠા,તા.૨૯**
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નજીક આવેલા કરોલ ગંડેરી પાસે એક અત્યંત કરુણ અને ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. પૂરઝડપે આવી રહેલી એક કારના ચાલકે રોડની સાઈડમાંથી પસાર થઈ રહેલા ભાઈ-બહેન અને એક વર્ષના નિર્દોષ બાળકને જોરદાર અડફેટે લીધા હતા. આ ભયાનક અકસ્માતમાં ૧૩ વર્ષીય હિતેશ સોલંકીનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓના કારણે કરુણ મોત નીપજ્યું હતું, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીનો માહોલ વ્યાપી ગયો છે.

આ અકસ્માતમાં મૃતક કિશોરની બહેન અનિતાબેન અને તેમના એક વર્ષના માસૂમ પુત્ર રણવીરસિંહને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ તરત જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત માતા-પુત્રને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રાંતિજ ખાતે પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી, પરંતુ તેમની તબિયત વધુ નાજુક જણાતાં તેમને વધુ સઘન સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

અકસ્માત અંગેની જાણ થતાં જ ૧૦૮ની ટીમ સાથે પ્રાંતિજ પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પોલીસે મૃતક કિશોરના શબને કબ્જે લઈ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યું હતું. આ સાથે જ પોલીસે અકસ્માત સર્જનાર કારચાલકની સ્થળ પરથી જ અટકાયત કરી તેને પોલીસ સ્ટેશન લઈ જઈ અકસ્માતનો ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.